# હૃદયના અસાધ્ય રોગની સફળ સારવાર કરતા ડૉ.શાલિન ઠાકોર

**ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ**

પલ્મોનરી હાઈપર ટેન્શન જેવી અસાધ્ય બિમારી ધરાવતી એક અમેરિકન મહિલા પર સફળતાપૂર્વક સ્ટેમસેલ ટ્રીટમેન્ટ કરીને કૃષ્ણા હાર્ટ હોસ્પિટલ



ડૉ.શાલિન ઠાકોરે સમગ્ર વિશ્વના મેડિકલ સાયન્સને એક નવી દિશા ચિંધી છે. આ રોગમાં ?દયથી ફેફસા તરફ જતી નળી સંકોચાઈ જાય છે. જેના કારણે એક વાર નિદાન થયા પછી દર્દી બેથી ત્રણ વર્ષ જીવી શકે છે. દસ લાખમાંથી એક જણને આ પ્રકારની બિમારી હોઈ શકે છે. ખાસ અમેરિકાથી ટ્રીટમેન્ટ લેવા આવેલી રશેલ પાવર્સને ૧૯૯૭થી ?દયની તકલિફ હતી. આ માટે કૃષ્ણા હાર્ટ હોસ્પિટલ દ્વારા ડો.અનિમેષ ચોકસીએ ખાસ આઈસીયુ વાનની વ્યવસ્થા કરીને રશેલને અમદાવાદ લાવ્યા. તેના પર વિશ્વમાં સૌ પ્રથમવાર સ્ટેમ સેલનુ પ્રત્યારોપણ કરવામાં આવ્યું જેના માટે ડો.શાલિને લેબોરેટરીમાં સ્ટેમ સેલ વિકસાવ્યા અને રશેલ પર સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું. આજે ત્રણ મહિનાની સફળ સારવાર બાદ રશેલ એકદમ સ્વસ્થ છે.